# ચેલેન્જર
સાપ્તાહિક

તંત્રી : પ્રતાપભાઈ કે.ગોહિલ

• વર્ષ - ૨૩ • અંક - ૨૬ • તા .૧૬-૦૪-૨૦૧૮ • સોમવાર • પાના - ૪ • કિંમત રૂા. ૧:૦૦/- • પ્રકાશન સ્થળ :- સુવિધા શોપીંગ સેન્ટર, ભૈરવપરા, પેલેસ રોડ, પાલીતાણા, જી. ભાવનગર.

• R.N.I. REG. NO. GUJGUJ/ 71315/1995 • Reg No. BVR-232/2018-20 * Renewed up to 31 Dec. 2020 (ફોન નં. ૦૨૮૪૮-૨૫૧૯૩૩), મો.૯૪૨૮૧૨૧૯૩૩


### તા.૧૬ એપ્રિલથી તા.૧૮ એપ્રિલ સુધી ત્રિદિવસીય અનેક કાર્યક્રમો યોજાશે

# પાલીતાણા તીર્થે ઉજવાશે વર્ષીતપ પારણા અને સામુહિક દીક્ષા મહોત્સવ

## પહેલીવાર પાલીતાણામાં વર્ષીતપના પારણા બે સ્થળે યોજાશે : દર વર્ષે પારણા ભુવનમાં યોજાઈ છે પણ આ વખતે ત્રિસ્તુતિક જૈન સંઘ દ્વારા જયંતગિરિ વર્ષીતપ પારણા સમિતિ દ્વારા સરવૈયા નગર ખાતે પણ યોજાશે.

(દિપક ગોહિલ દ્વારા)

ચેલેન્જર, પાલીતાણા, ત્રિસ્તુતિક સંઘના જૈનાચાર્ય શ્રીમદ્ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. (મોહનખેડા)ના પ્રશિષ્ય પૂ.સમ્રાટ ગુરુદેવ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ની પાવન પ્રેરણાથી ભારનભરના ત્રિસ્તુતિક ગચ્છમાં પ્રારંભ થયેલ વર્ષીતપના તપસ્વીના તપના પારણા.પાલીતાણા તીર્થ મુકામે આગામી તા.૧૮ એપ્રિલના સંપન્ન થશે.

આ વર્ષીતપની તપસ્યા જૈનાચાર્ય જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ની પાવન પ્રેરણા બનાસકાંઠા જિલ્લાના થરાદ નગરમાં યોજાયેલ ૨૫ ભાઈ-બહેનોની સામુહિક દીક્ષા મહોત્સવમાં પ્રેરણા કરેલ.

આ કમિટી દ્વારા સાંચોરી ભવન પાછળના વિશાળ સરવૈયાનગર ભૂમિમાં છ લાખ સ્કેવર ફુટમાં જયંતગીરી પારણાનગરનું અસ્થાઈ આયોજન કરેલ છે. આ અસ્થાઈ નગરની અંદર ૭૦૦



તપસ્વીઓ માટે ૨૦૦X૧૦૦ ફૂટના એમ ૮ ડોમ બનાવવામાં આવ્યા છે. ૧ ડોમની અંદર ૧૦૦ તપસ્વીઓ માટેની વ્યવસ્થા રાખવામાં આવી છે. પ્રત્યેક તપસ્વી માટે ૮X૧૦ના કક્ષનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ મહોત્સવને લઈને પરીચરમાં ધર્મસભા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ૧૦૦X૬૦૦નો વિશાળ સભા મંડપ પણ બનાવવામાં આવ્યો છે. પાલીતાણા તીર્થની અંદર એક જ ગચ્છના નેતૃત્વમાં એક ગૃહની એક ગુરુભક્તોના ૭૦૦થી અધિક પારણા થઈ રહ્યા છે.પારણા મહોત્સવને લઈને આટલા મોટા પરીચરનું નિર્માણ પણ પ્રથમવાર થઈ રહ્યું છે.

જૈનાચાર્યના સમુદાયમાંથી ૫૦થી અધિક સાધુ-સાધ્વીજી મ.સા.એ પણ આ તપની તપસ્યા કરી છે.આ પારણા મહોત્સવને લઈને ત્રિસ્તુતિક સંઘના આયોજન હેઠળ જયંતગીરી પારણા સમિતિના નેજા હેઠળ તપસ્વીઓ તેમજ તેઓના પરીવારજનો તથા આ પારણામાં આવતા ગુરુભક્તો માટે આવાસ તેમજ પારણા માટે વિશાળ વ્યવસ્થા કરવામાં આવી છે.

જૈનાચાર્યની આ પ્રેરણાથી જૈન સંઘના ત્રિસ્તુતિક ગચ્છમાં ભારતના વિભિન્ન રાજયો મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, તમીલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ તથા ગુજરાતના અનેક નગરના ૭૦૦ ભાઈ-બહેનોએ પ્રારંભ કરેલ.

આ મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા માટે પૂ.સમ્રાટ ગુરુદેવ જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર ગચ્છાધિપતિ નિત્યસેન સૂરીશ્વરજી મ.સા. તથા આ. જયરત્નસૂરીશ્વરજી મ.સા. સહિત ૨૦૦થી અધિક સાધુ સાધ્વીજી મ.સા.પધાર્યા છે. તેઓ તળેટી રોડ ખાતે યતિન્દ્ર ભવનમાં બિરાજમાન છે.

પારણા મહોત્સવ સંપન્ન થયા બાદ ૧૦ મુમુક્ષુ બહેનોનું દીક્ષા મહોત્સવ આ પરીચરમાં ત્રિસ્તુતિક સંઘમાં ૨૨ એપ્રિલના રોજ દીક્ષા થશે. અને આ દીક્ષાર્થીઓ પરીવાર અને ગુરુભક્તો માટે ૨૧ ધર્મશાળાની ૮૦૦થી વધારે રૂમો ફાળવવામાં આવી છે.

**ત્રિદિવસીય વર્ષીતપના પારણા કાર્યક્રમ બાદ સરવૈયાનગર ખાતે તા. ૨૨ એપ્રિલના રોજ ૧૦ મુમુક્ષુ બહેનો સામુહિક દિક્ષા અંગીકાર કરશે**

**પારણા મહોત્સવ સ્થળ : જયન્તગિરિ પારણા ભુવન, આધોઈ ધર્મશાળાની પાછળ, ગજભંવર ધર્મશાળાની પાછળ,તળેટી રોડ, પાલીતાણા**

## વર્ષીતપોત્સવ મંગલ કાર્યક્રમ

**પ્રથમ દિન (તા.૧૬-૪-૧૮) :**

સવારે ૯ કલાકે પૂજ્યશ્રીનું પ્રવચન, બપોરે શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય, ૧૨:૩૯ કલાકે શ્રી આદિ જિન પંચકલ્યાણક પૂજા, ૨થી ૫ કલાક સુધી મહેંદી રસમ.

**દ્વિતિય દિન(૧૭-૪-૧૮)**

સવારે ૮ કલાકે વર્ષીતપના તપસ્વીઓનો ભવ્યાતિભવ્ય જાજરમાન વરઘોડો, પૂજ્યશ્રીનું પ્રવચન, બપોરે ૧૨:૩૯ કલાકે શ્રી રાજેન્દ્રસૂરિ અષ્ટપ્રકારી પૂજા, ૧:૩૦ કલાકે પૂજયશ્રીની નિશ્રામાં ત્રિસ્તુતિક જૈન સંઘ વર્ષીતપના તપસ્વીઓનો અનુમોદના મહોત્સવ, શુભ મુહુર્તે વર્ષીતપોત્સવના તપસ્વીઓ સાથે ગિરિરાજ સહ તળેટી વધામણાનો ભવ્ય કાર્યક્રમ.

**પારણા દિન(૧૮-૪-૧૮)**

સવારે ૪:૩૦ કલાકે યતીન્દ્ર ભુવન મધ્યે વર્ષીતપોત્સવના તપસ્વીઓ પૂજ્યશ્રીના મુખે માંગલીક શ્રવણ કર્યા બાદ શ્રી સંઘ સાથે વાજતે ગાજતે ગિરિરાજની યાત્રા તરફ મંગલ પ્રયાણ, સવારે ૯ કલાકે પૂજ્યશ્રીની નિશ્રામાં વર્ષીતપના તપસ્વીઓના સામુહિક પારણા, બપોરે શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય, ૧૨:૩૯ કલાકે શ્રી જયંતસેનસૂરિ ગુરુ મહિા પૂજા જેવા અનેક કાર્યક્રમો યોજાશે.

### શ્રી સિદ્ધાચલ મહાતીર્થે ત્રિસ્તુતિક સંઘ સામ્રાજ્યે સંયમના શણગાર કરવા

# ૧૦ - ૧૦ મુમુક્ષુ બહેનો સામૂહિક દીક્ષા અંગીકાર કરશે

## સરવૈયાનગર ખાતે જયંતગીરી સામુહિક પારણા ભવન ખાતે તા. ૨૨ એપ્રિલના રોજ સંયમ માર્ગ સ્વીકારશે

તીર્થનગરી પાલીતાણા ખાતે ત્રિસ્તુતિક સંઘમાં ૧૦ મુમુક્ષુ બહેનો તા.૨૨ એપ્રિલના રોજ પૂ.સમ્રાટા શ્રીમદ્ વિજય જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પૂ.ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય નિત્યસેનસૂરીશ્વરજી મ.સા., પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય જયરત્ન સૂરીશ્વરજી મ.સા. આજ્ઞાનુવર્તી વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદની નિશ્રામાં દીક્ષા મહોત્સવ પાલીતાણા ખાતે સરવૈયાનગરમાં યોજાશે.

તા.૨૦-૪ના રોજ સવારે ૬ કલાકે મંગલ પ્રભાતિયા, ૯ કલાકે પ્રાસંગિક પ્રવચન, ૧૦ કલાકે કેશર છાંટણા, ૨ કલાકે છાબ ભરવાની વિધિ, સાંજે ૭ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ૮ કલાકે 'ઋણ સ્મરણ' દીક્ષાર્તીઓના સન્માન, તા.૨૧-૪ના રોજ દીક્ષાર્થીનો વર્ષિદાનનો વરઘોરો નગરના રાજમોર્ગો પર ફરશે, બપોરે ૩ કલાકે મહેંદી સાંજી રસમ, સાંજે ૬ કલાકે ગિરિ વધામણાં, ૮ કલાકે સંસાર અને સંસારીઓના સંબંધોની પુર્ણાહુતિ, વિદાય સમારંભ, વિજય તિલક, દીક્ષાર્થીઓના ઉદ્ગાર તેમજ તા.૨૨-૪ના રોજ સવારના શુભ મુર્હુતે દીક્ષા યોજાશે.



મુમુક્ષુ ગુડીયાબેન કંકુચોપડા
નિવાસ : મેંગલવા(રાજ.)
વિજયપુર(કર્ણાટક)



મુમુક્ષુ મોક્ષાલીબેન શેઠ
નિવાસ : લુણાવા(થરાદ)
સુરત(ગુજરાત)



મુમુક્ષુ પાયલબેન શ્રીશ્રીશ્રીમાલ
નિવાસ : દાધાલ(રાજ.)
બેંગ્લોર(કર્ણાટક)



મુમુક્ષુ રિંકલબેન દોશી
નિવાસ : સુરત(ગુજરાત)



મુમુક્ષુ અનિતાબેન ફોલામુથા
નિવાસ : સાયલા(રાજ.)
વિજયવાડા(કર્ણાટક)



મુમુક્ષુ મિલનબેન કોઠારી
નિવાસ : બાલી(રાજ.)
ભાયંદર(મુંબઈ)



મુમુક્ષુ પ્રેમલતાબેન ઓરા
નિવાસ : બડનગર(મ.પ્ર.)



મુમુક્ષુ રીતુબેન સુનહરિયા
નિવાસ : નાગદા જંક્શન
મધ્યપ્રદેશ



મુમુક્ષુ આરજૂબેન વોહેરા
નિવાસ : દુધવા(ગુજરાત
અમદાવાદ(ગુજરાત)



મુમુક્ષુ નિયતિબેન મોરખીયા
નિવાસ : થરાદ(ગુજરાત)

## વર્ષીતપના આરાધક પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો



પ.પૂ.ભુવનરત્ન વિ.મ.સા.



પ.પૂ.પવિત્રરત્ન વિ.મ.સા.

- પ.સા.શ્રી અવિચલદ્રષ્ટાશ્રીજી મ.સા.
- પ.સા.શ્રી અમીતદ્રષ્ટાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી વિદ્વદગુણાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી દર્શનકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી શાસનલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી અનેકાન્તલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.વિજ્ઞાનલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી ચારિત્રકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી યશોલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી ભક્તિરસાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી નિરૂપમકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી અપૂર્વકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી મૈત્રીકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી અક્ષયકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી ભાગ્યકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી રશ્મિપ્રભાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી આર્જવકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી નિર્વેદકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી આગમકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી કાન્યરત્નાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી વિપુલદર્શિતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સંવેગપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી અર્હત્પ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સુમનકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સૌરભકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી કારૂણ્યલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી વીતરાગલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી કુમુદપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી શ્રેયસલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી શ્રુતિદર્શનાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી ઋજુપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી ધ્રુવકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સ્મિતપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી વિબુધપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સંવરલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી પરાર્થપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી પરમેષ્ઠિલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સંભવલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી જ્યોતિલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સુવ્રતપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સોહમપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી મંત્રકલાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી સત્વપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી અર્પણપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી હ્રિંકારલતાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી નમ્યરસાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી નૈગમપ્રિયાશ્રીજી મ.સા.
- પૂ.સા.શ્રી દેવમપ્રિયાશ્રીજી મ.સા.

# વહી પાર્શ્વનાથમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો

મંદસૌર : વહી પાર્શ્વનાથમાં ૧૪ એપ્રિલથી તપાગચ્છ પ્રવરસમિતિના કાર્યવાહક મહામાંગલિક પ્રદાતા પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિ.અભયદેવસૂરીશ્વરજી મ.સા. માર્ગદર્શક પ.પૂ.આ.ભ.શ્રી વિ.મોક્ષરત્નવિજયજી મ.સા.આદિ ઠાણા અને પૂજ્ય ગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તી ૯૫ વર્ષીય દીર્ઘ સંયમી સાધ્વી શ્રી સુદર્શનાશ્રીજી મ.સા. અને મેવાડ માલવ જ્યોતી સાધ્વીજી શ્રી ચંદ્રકલાજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં અંજનશલાકા ભવ્ય પ્રતિષ્ઠાનો કાર્યક્રમનો પ્રારંભ થયો. ૧૪-૪ના રોજ જળયાત્રા વિધાન કુંભ સ્થાપના, પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૦માં જન્મદિનમાં પ્રવેશ. ૧૫ એપ્રિલે દસ દિક્પાલ પૂજનથી લઘુ સિદ્ધચક્ર પૂજન, લઘુનંદાવ્રત પૂજન, તા.૧૬-૪ને ચવન કલ્યાણક વિધાનથી સ્ટેઝ પ્રોગ્રામ નો કાર્યક્રમ, તા.૧૭ના રોજ જન્મકલ્યાણક મહામાંગલિક, નવનિર્મિત નૂતન ધર્મશાળા જેમાં ૩૨ એસી રૂમ, ૪ ભવ્ય હોલનું લોકાર્પણ, પ્રતિષ્ઠાના ચડાવો આદિ ઈન્દ્રાણી મહોત્સવ, સ્ટેઝ પ્રોગ્રામ, તા.૧૮ના રોજ પ્રિયવંદા દાસીથી રાજ્ય અભિષેક જેવા કાર્યક્રમ રથયાત્રાના ચઢાવો, ૧૧:૩૦ કલાકે સા.શ્રી ચરણકલાશ્રીજી મ.સા. સહિત સામુહિક વર્ષીતપના પારણા થશે.

## તંત્રી સ્થાનેથી......

### શિક્ષણને લઈ ખર્ચના મામલે ભારત હજુ ખુબ જ પાછળ

શિક્ષણના ખર્ચના મામલામાં ભારત અન્ય દેશોથી ખુબ પાછળ રહી ગયું છે. ભારતમાં વાલીઓ પોતાના બાળકના શિક્ષણ ઉપર પ્રાયમરીથી લઈને ગ્રેજ્યુએશન ડિગ્રી સુધી સરેરાશ ૧૮૯૦૯ ડોલર અથવા તો આશરે ૧૨.૨૨ લાખ રૂપિયા ખર્ચ કરે છે. આ આંકડો વૈશ્વિક સ્તર પર સરેરાશ ખર્ચ ૪૪૨૨૧ ડોલર અથવા તો ૨૮.૪૦ લાખની સરખામણીમાં ખુબ ઓછો છે. આમા બાળકની શિક્ષણમાં સંપૂર્ણ ખર્ચનો સમાવેશ થાય છે. એચએસબીસીના એક નવા અભ્યાસમાં આ અંગેનો આંકડો સપાટી ઉપર આવ્યો છે. ૧૫ દેશોથી જોડાયેલા આ સર્વેમાં ભારતનું સ્થાન ૧૩મું છે. તેની પાછળ માત્ર ઈજિપ્ત અને ફ્રાંસ છે. વેલ્યૂ ઓફ એજ્યુકેશન રિપોર્ટમાં કહેવામાંઆવ્યું છે કે, ૧૫ દેશોના ૮૪૮૧ વાલીઓને આવરી લઈને અભ્યાસના તારણો જારી કરવામાં આવ્યા હતા.

ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચીન, ફ્રાંસ, હોંગકોંગ, ભારત, ઈન્ડોનેશિયા, મલેશિયા, મેક્સિકો, સિંગાપોર અને અમેરિકાને સામેલ કરવામાં આવ્યા હતા. ૮૯ ટકા વાલીઓ બાળકોના શિક્ષણના વર્તમાન દોરમાં ફંડ ઉપલબ્ધ કરાવે છે જયારે ૯૪ ટકા વાલીઓ પોતાના બાળકોને પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષણને લઈનો ખર્ચ કરી રહ્યા છે. ૭૯ ટકા વાલીઓ બાળકોના ફંડિંગને પણ ઈરાદો ધરાવે છે. ૮૭ ટકા અભિભાવકો માને છે કે, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી હાસલ કરવાની બાબત તેમના બાળકો માટે ખુબ મહત્વપૂર્ણ છે. ફંડિંગ કયાથી આવશે તે સંદર્ભમાં પણ પ્રશ્નો પુછવામાં આવશે. ૩૦ ટકા લોકો બચત અથવા તો મૂડીરોકાણ મારફતે આ નાણા એકત્રિત કરે છે. જયારે ૪૮ ટકા લોકો ઈન્સ્યોરન્સમાંથી પણ નાણા ભેગા કરે છે. શિક્ષણને લઈને ચિત્ર જટિલ બનેલુ છે ત્યારે આ આંકડા ચિંતા ઉપજાવે તેવા છે. વિશ્વના દેશો ભારત કરતા આગળ રહ્યા છે. શિક્ષણ ઉપર ખર્ચ વધારવામાં આવે તે ખુબ જ જરૂરી છે.

## વર્ષીતપનો મહિમાં



વર્ષીતપ એટલે એક વર્ષનું તપ. હકીકતમાં જૈન દર્શનમાં તેર મહિનાના તપને વર્ષીતપ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં તેર મહિના એકાંતરે ઉપવાસ અને બેસણું કરવાનું વિધાન છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત ઉપવાસમાં માત્ર ઉકાળેલું પાણી પીવાનું અને પાણીના દિવસે સૂર્યોદયથી સૂર્યાસ્ત દરમિયાન નક્કી કરેલા સમયે જમીન ઉપર બેસીને માત્ર બે વાર ભોજન લઈ સૂર્યાસ્ત પછી ત્રીજા દિવસે ફરી ઉપવાસ કરવાનો, આમ લગાતાર તેર મહિના અન્ય વિધિવિધાન સાથે બે સમય પ્રતિક્રમણ જાપ, જિનપૂજા વગેરે શાસ્ત્રીય વિધિ સાથે તપ કરવાનું હોય છે. આ વર્ષીતપનો ઈતિહાસ જાણવા જેવો છે.

ફાગણ વદ-૮ ના રોજ જૈનોના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે દીક્ષા લીધેલી તેથી અને યોગાનુંયોગ ફાગણ વદ-૮ ના રોજ તેમનો જન્મ થયેલો કલ્યાણકનો દિવસ છે. પણ વર્ષીતપની શરૂઆત દીક્ષાના દિવસથી થયેલી.

દીક્ષા લીધા પછી શ્રી ઋષભદેવ પ્રભુ ગોચરી માટે વિહરવા લાગ્યા. એ વખતે કોઈ ભિખારી ન હતું. તેથી લોકોને ભિક્ષાચાર અંગે કોઈ ખ્યાલ ન હતો. એટલે લોકો હીરા, માણેક, રત્ન, કન્યાઓ વગેરે આપવા લાગ્યા. પણ ભગવાનને તો આહારની જરૂર છે એમ કોઈ જાણતું કે માનતું નહીં, તેમને થતું કે આવા અઢળક સંપત્તિવાળા રાજાને આહાર તે વળી માંગવુ પડે ખરો ? આમ, કોઈપણ ખાવાનું આપતું નહીં. ભગવાન તો સહન કરે પણ અકળાયેલા અન્ય સાધુઓએ કચ્છ-મહાકચ્છને પુછયું. તેમને પણ ખબર ન હતી. તેઓ પણ ભૂખથી હેરાન થવા લાગ્યા હતા. તેથી ઘરે પાછા જવાનો વિચાર આવ્યો, પરંતુ શરમના માર્યા ઘરે ન જતાં છેવટે ગંગાતળે રહીને ખરી પડેલાં પાંદડાં ખાઈને જટાધારી તાપસ બનીને તપોવનોમાં બાવાનું જીવન વિતાવવા લાગ્યા. ભગવાન આદિનાથજી મૌનપણામાં નિરાહાર રહીને એક વર્ષ સુધી આર્ય-અનાર્ય દેશમાં વિચરતા રહ્યા. વિચરતાં વિચરતાં પ્રભુ ગજપુર આજનું હસ્તિનાપુર નગરે પધાર્યા. ત્યાં બાહુબલીના પૌત્ર તેમજ સોમપ્રભુ રાજાના પુત્ર શ્રેયાંસકુમાર રહેતા હતા. ત્યાં લોકોના ટોળે ટોળા જતા હતા. ખૂબ કોલાહલ થતો હતો. બધાની એક જ વાત હતી. "ભગવાન કેમ કાંઈ લેતા નથી ?" આમ. તેર માસના ઉપવાસ થઈ ગયા. ત્યાં શ્રેયાંસે ભગવાનને જોયા, અને તરત સાધુવેશ જોઈ જાતિસ્મરણજ્ઞાન થયું.

તેણે જોયું કે હું પૂર્વભવમાં આ ભગવાનનો સારથિ હતો અને તેમની સાથે મેં દીક્ષા લીધી હતી અને તે વખતે ત્યાંના વજ્જસેન તીર્થંકર આવા વેશમાં હતા અને તે તીર્થંકર કહ્યું હતું કે, "આ વજ્જનાભમુનિ, ભરત ક્ષેત્રમાં પહેલા તીર્થંકર થશે," તે ભગવાન છે.

તે વખતે એક માણસે શેરડીના રસના ઘડા શ્રેયાંસકુમારને ભેટ તરીકે આપ્યા. તેમાંથી એક ઘડો લઈને શ્રેયાંસ બોલ્યા. "પ્રભુ આ નિદરેષ પ્રાસુક રસ વાપરો." પ્રભુએ પણ પોતાના હાથ પ્રસાર્યા એટલે શ્રયાંસે બધા ઘડાનો રસ રેડી દીધો. એક પણ ટીપું નીચે પડયું નહીં. આ પ્રમાણે પ્રભુએ ૧૩ માસ બાદ પછી વર્ષીતપનું પારણું શ્રેયાંસના હાથે કર્યું. શ્રેયાંસકુમારે દાન આપ્યું તે વખતે દેવોએ પાંચ દ્રવ્યો પ્રગટ કર્યા. લોકોએ શ્રેયાંસને પૂછયું કે, "તમને આ નિદરેષ આહાર અંગે શી રીતે ખબર પડી ?" ત્યારે શ્રેયાંસે ભગવાન સાથેનો ભવનો સંબંધ કહ્યો. આમ પ્રભુને ઈક્ષુરસ વહોરાવીને શ્રેયાંસકુમારના આનંદમાં કઈ પાર ન રહ્યો. આ અવસર્પિણીના આદિ મહાશ્રમણ શ્રી ઋષભદેવજીએ દીક્ષા લીધા પછી એક વર્ષ પહેલીવાર શેરડીના રસનું પાન કર્યું.

છઠ્ઠના તપની સાથે દીક્ષા લીધેલી પણ છઠ્ઠનું પારણું ન થયું અને લગાતાર ઉપવાસમાં વર્ષ વીતી ગયું અને આજે પારણું થયું જે શ્રેયાંસકુમારના હાથે થયું અને વર્ષીતપ આરાધના શરૂ થઈ.

આજે પણ પાલિતાણા પ્રભુ ઋષભદેવના ધામમાં તથા હસ્તિનાપુરમાં મોટી સંખ્યામાં વર્ષીતપનાં પારણાં અખાત્રીજના દિવસે થાય છે.

## ૨૦૦ આર્ટિસ્ટસ્ટોનું પોસ્ટકાર્ડ પર આર્ટવર્કનું અનોખુ પ્રદર્શન

સંબંધો અને લાગણીના જોડાણના સેતુ સમા પોસ્ટકાર્ડની મહત્તા અને તેના અવિસ્મરણીય વારસાને સમજાવતું દેશના ૨૦૦ આર્ટિસ્ટ્સના પોસ્ટકાર્ડ પર આર્ટવર્કનું શહેરમાં અનોખું પ્રદર્શન યોજાઈ રહ્યું છે. શહેરના નવજીવન ટ્રસ્ટ ખાતે સત્ય આર્ટ ગેલેરી ખાતે આવતીકાલે તા.૧૩ એપ્રિલથી તા.૨૨ એપ્રિલ દરમ્યાન પોસ્ટએજ પ્રદર્શન થકી એવો સામાજિક સંદેશો પણ રજૂ થશે કે, મોબાઈલ ફોન, ઈન્ટરનેટ, લેપટોપ અને સોશ્યલ મીડિયાના આજના જમાનામાં મોટાભાગના માનવીય આદાનપ્રદાન ટેકનોલોજી આધારિત અને બિનસંવેદનશીલ બનાવી દીધા છે, જેને લઈ વૈયક્તિક સંવાદનો ચાર્મ કયાંક ખોવાઈ ગયો છે એમ પોસ્ટએજ પ્રદર્શનના અમદાવાદના કો-ઓર્ડિનેટર રાકેશ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોસ્ટકાર્ડ્ઝ અને લેટર્સ(તેમાં લખાયેલા અક્ષરો) જયારે માનવીય જોડાણ રાખવાના પ્રાથમિક માધ્યમો હતો અને તેમાં પોસ્ટકાર્ડ લખનાર અને મેળવનાર વચ્ચે લાગણીસભર સેતુ અને સંવેદનાના આદાનપ્રદાન રચાતા હતા. એટલું જ નહી, પોસ્ટકાર્ડમાં હેન્ડરાઈટીંગ અને શાહીનો રંગ તેની લઢણ વગેરે મોકલનારની લાગણીઓને સુંદર રીતે વ્યકત કરતા હતા, જે આજે ઈલેક્ટ્રોનિક અને હાઈફાઈ લાઈફ અને મેસેજીસની દુનિયામાં કયાંક ખોવાઈ ગઈ છે. પોસ્ટએજ પ્રદર્શનના અમદાવાદના કો-ઓર્ડિનેટર રાકેશ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, પોસ્ટકાર્ડની મહત્વતા અને તેનો ગૌરવવંતો ઈતિહાસ અને વારસો લોકોને સમજાવવા ખાસ કરીને નવી પેઢીને તેનાથી વાકેફ કરવા આ અનોખા પોસ્ટએજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, ગુવાહાટી સહિતના સંખ્યાબંધ શહેરો અને સ્થળોના ૨૦૦ જેટલા આર્ટિસ્ટે પોસ્ટકાર્ડસનો કેનવાસ તરીકે ઉપયોગ કરી પોતાની આર્ટને રજૂ કરી છે, તે નિહાળવા મળશે.

## ઉનાળા પાકની વાવણી ૭.૨૪ લાખ હેકટરમાં થઈ છેઃ રિપોર્ટ

અમદાવાદ,

ઉનાળાના ગાળામાં પીવાના પાણીની અછતને લઈને ગુજરાત સરકાર દ્વારા કેટલીક બાબતો સ્પષ્ટ કરી હોવા છતાં રાજ્યમાં ખેડૂતોને આની કોઈ અસર દેખાઈ રહી નથી. આ વર્ષે ઉનાળા પાકની વાવણી ૭.૨૪ લાખ હેક્ટરમાં થઈ છે. ગયા વર્ષે આ તબક્કે જે વાવણી થઈ હતી તેની સરખામણીમાં માત્ર ૭૦૦૦૦ હેક્ટરમાં ઓછી વાવણી થઈ છે. આંકડા દર્શાવે છે કે, એકંદરે વાવણીની સ્થિતિ સારી રહી છે. સરકારે ૧૫મી માર્ચના દિવસે સિંચાઈ સપ્લાય પાણીમાં કાપ મુક્યો હતો. આંકડાઓ દર્શાવે છે કે, સામાન્યરીતે ડાંગર, બાજરી, મગ, મગફળી અને શાકભાજીના ક્ષેત્રમાં વાવણીનો આંકડો ઉલ્લેખનીય રહે છે. કૃષિ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે, ૭.૨ લાખ હેક્ટરમાં પહેલાથી જ વાવણી થઈ ચુકી છે. ગયા વર્ષે ૭.૯ લાખ હેક્ટરની સરખામણીમાં ૭.૨ લાખ હેક્ટરમાં વાવણી થઈ છે. ગયા વર્ષે પાણીમાં કોઈ કાપ મુકવામાં આવ્યો ન હતો. પાણીમાં કાપ ન હોવા છતાં ગયા વર્ષે ૭.૯ લાખ હેક્ટરમાં વાવણીની સામે આ વર્ષે ૭.૨ લાખ હેક્ટરમાં વાવણી થઈ છે. ૨૦૧૬માં આ તબક્કે વાવણીનું ચિત્ર ૬.૮ લાખ હેક્ટર વિસ્તારમાં હતું. ગુજરાતમાં ઉનાળાના ગાળામાં સરેરાશ એકર વાવણીનું ચિત્ર ૮.૪ લાખ હેક્ટરનું રહે છે. ડેટા દર્શાવે છે કે, ડાંગરના મામલામાં સામાન્યરીતે ૩૯૯૦૦ હેક્ટર વિસ્તારમાં વાવણી કરવામાં આવે છે. ૨૦૧૭માં ૫૫૮૦૦ હેક્ટર વિસ્તારમાં અને ૨૦૧૮માં ૫૩૬૦૦ હેક્ટરમાં વાવણી થઈ છે. મગફળીની વાત કરવામાં આવે તો ૨૦૧૮માં ૨૩૮૭૦૦ હેક્ટરમાં વાવણી થઈ છે.

### ગોળીબાર, ત્રાસવાદ વિરોધી ઓપરેશનમાં શહીદ

## છેલ્લા ૧૩ વર્ષોમાં દર ત્રીજા દિવસે જવાન શહીદ : રિપોર્ટ

### ભારતીય સેનાએ જાન્યુઆરી ૨૦૦૫થી લઈને ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં ૧૬૮૪ જવાનો ગુમાવી દીધા છે : રિપોર્ટ

આગરા,

૧૧ લાખથી વધુ જવાન ધરાવનાર ભારતીય સેનાએ છેલ્લા ૧૩ વર્ષના ગાળામાં દર ત્રીજા દિવસે પોતાના એક જવાનને ગુમાવ્યો છે. એટલે કે દર ત્રીજા દિવસે એક ભારતીય જવાન શહીદ થયો છે. ભારતીય સેનાના જાન્યુઆરી ૨૦૦૫થી લઈને ડિસેમ્બર ૨૦૧૭ સુધીના તમામ આંકડા પરથી જાણી શકાય છે કે કુલ એક હજાર ૬૮૪ જવાનો જુદા જુદા બનાવોમાં શહીદ થયા હતા. જેમાં પાકિસ્તાની ગોળીબાર, ત્રાસવાદ વિરોધી ઓપરેશન, જવાબી કાર્યવાહી અને શાંતિ મિશનનો સમાવેશ થાય છે. આ તમામ જુદા જુદા મિશનના ભાગરૂપે ભારતીય સેનાએ મોટી સંખ્યામાં તેના જવાનો ગુમાવ્યા હતા. ૧૫મી જાન્યુઆરીના દિવસે ભારતીય સેનાએ તેના ૭૦માં સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. માત્ર ૨૦૧૭માં જ ભારતીય સેનાના ૮૭ જવાનો શહીદ થયા હતા. ૨૩મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે એક મેજર સહિત ચાર જવાનો શહીદ થયા બાદ આ આંકડો વધીને હવે ૯૧ ઉપર પહોંચી ગયો હતો ભારતીય સેનાના આંકડા મુજબ વર્ષ ૨૦૧૬માં ૧૧ ઓફિસર સહિત ૮૬ જવાનો શહીદ થયા હતા. જયારે વર્ષ ૨૦૧૫માં ચાર ઓફિસર સહિત ૮૫ જવાનો શહીદ થયા હતા. જમ્મુ કાશ્મીરમાં દશકોથી ત્રાસવાદી ગતિવિધી ચરમસીમા પર રહી છે. જેથી ત્રાસવાદી વિરોધી ઓપરેશનમાં વધારે જવાનો શહીદ થયા છે. યુદ્ધમાં જેટલા જવાનો શહીદ થયા છે તેના કરતા ત્રાસવાદી વિરોધી ઓપરેશનમાં વધારે જવાનો શહીદ થયા છે.

વર્ષ ૨૦૧૪માં પણ મોટી સંખ્યામાં જવાનો શહીદ થયા હતા. સૌથી નવેસરથી આંકડા પર ધ્યાન કરવામાં આવે તો જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશ રેખા નજીક ઓપરેશનમાં લાન્સ નાઈયક યોગેશ શહીદ થયા હતાર૩મી ડિસેમ્બરના દિવસે જમ્મુના રાજૌરીના કેરી સેક્ટરમાં અંકુશ રેખા પર ભારતીય ચોકી પર પાકિસ્તાન દ્વારા જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં એક મેજર અને ત્રણ જવાન શહીદ થયા હતા. મેજરની ઓળખ મોહરકર પ્રફુલ્લ અમ્બાદાસ તરીકે થઈ હતી.લાન્સ નાઈક ગુરમેલ સિંહ અને દુલદીપ પણ શહીદ થયા હતા. સાથે સાથે સિપાહી પરગટ સિંહ પણ શહીદ થયા હતા. સરહદ પર પાકિસ્તાન દ્વારા અવિરત અને વારંવાર ગોળીબાર કરવામાં આવ્યો છે. જેમાં ભારતીય સેનાને નુકસાન ઉઠાવવાની ફરજ પડી છે. ભારતીય સેનાએ હાલમાં જમ્મુ કાશ્મીરમાં ઓપરેશન ઓલઆઉટ હાથ ધર્યુ છે. જેમાં ગયા વર્ષે ૨૦૦થી વધુ ત્રાસવાદીઓ ફુંકાયા હતા. જમ્મુ કાશ્મીરમાં હજુ પણ ત્રાસવાદીઓ સામે ઓપરેશન ચાલી રહ્યું છે.

## ગુજરાત જમીન વિકાસ ઓફિસ પર રેડ પડાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત જમીન વિકાસ નિગમની ઓફિસ પર આજે દરોડા પાડવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. લાખો રૂપિયા મળી આવ્યા છે. આશરે ૫૫ લાખની રોકડ રકમ હાથ લાગી છે. એસીબીની કાર્યવાહી મોડી સાંજ સુધી ચાલી હતી. પાંચથી વધુ અધિકારીઓ એસીબીના સકંજામાં પણ આવી ગયા છે. મોટા અધિકારીઓની સંડોવણી હોવાની શક્યતા દેખાઈ રહી છે. એવું પણ જાણવા મળ્યું છે કે, ગ્રાન્ટ પાસ કરાવવા ૨૦થી ૩૦ ટકા કમિશન લેવામાં આવતું હતું. જમીન વિકાસ નિગમના એમડી સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. ઓફિસ પર મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા છે. એસીબીનાં આ દરોડામાં ગુજરાત જમીન વિકાસ નિગમમાં ફરજ બજાવતા ક્લાસ વન અધિકારી કે.સી. પરમાર સકંજામાં આવી ગયા છે. એસીબીની ટીમને કે.સી. પરમારના ટેબલના ડ્રોઅરમાંથી અંદાજે ૫૦ લાખ રૂપિયાની રોકડ રકમ હાથ લાગી છે. એવી શક્યતા છે કે કે.સી. પરમારે જમીન વળતરના એક મામલામાં મોટી રકમની લાંચ લીધી છે. મળતી માહિતી મુજબ અધિકારના ટેબલના ડ્રોઅરમાંથી એટલી રકમ હાથ લાગી કે તેને ગણવા માટે એસીબીનાં અધિકારીઓને કાઉન્ટિંગ મશીન મંગાવવું પડ્યું. એસીબીના ઈતિહાસનું આ સૌથી મોટું ઓપરેશન માનવામાં આવી રહ્યું છે. ગુજરાત જમીન વિકાસ નિગમની ઓફિસમાં એસીબીના દરોડાથી ઘણાં સવાલો ઉઠવા સ્વાભાવિક છે. આ દરોડામાં એસેબીના મોટા અધિકારીઓ સામેલ છે.

## બેડ લોનના નિયમોમાં રાહત આપવા રિઝર્વ બેંકનો ઈન્કાર

મુંબઈ,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેડ લોન સાથે જોડાયેલા નિયમોમાં કોઈપણ છુટછાટ આપવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે, કઠોર નિયમોને અમલી કરવામાં આવ્યા બાદ લોન લેનાર લોકો પોતાની હદમાં રહેશે અને બેંક પણ કોઈપણ પ્રકારની લોનને છુપાવી શકશે નહીં. આ મામલાથી વાકેફ રહેલા બે વરિષ્ઠ અધિકારીઓએ આજે આ મુજબની માહિતી આપી હતી. દિલ્હીમાં હાલમાં બંધ બારણે અતિમહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉર્જિત પટેલે સાંસદો સમક્ષ આ મુજબની વાત કરી હતી. રિઝર્વ બેંકે ૧૨મી ફેબ્રુઆરીના દિવસે સ્ટ્રેસ્ડ એસેટના નિયમોમાં ફેરફાર કર્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે, કંપનીના એક દિવસના પણ લોન પર ડિફોલ્ટ કરવાની સ્થિતિમાં બેંકોને રિઝોલ્યુશન પ્લાન ઉપર કામ શરૂ કરવું પડશે. બેંકો હવે આ નિયમોને વધુ કઠોર બનાવી રહી છે. તેમનું કહેવું છે કે, આ પ્રકારના બેડલોનમાં અતિ ઝડપથી વધારો થતાં તકલીફ ઉભી થઈ રહી છે. રિઝર્વ બેંકના નવા નિયમોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, બેંકોને ડિફોલ્ટના ૧૮૦ દિવસની અંદર રિઝોલ્યુશન પ્લાન તૈયાર કરવાના રહેશે. જો આવું નહીં કરી શકાય તો એ લોન એકાઉન્ટ દેવાળિયા તરીકે ગણાવીને કોર્ટમાં મોકલી દેવામાં આવશે.

### આધાર સેન્ટર કર્મી સહિત ત્રણની ધરપકડ કરાઈ

## બોગસ આધાર, ઈલેકશન કાર્ડ બનાવવાનો કૌભાંડ સપાટીએ

### બાતમીના આધારે ગોમતીપુરમાં ચાલતા નેટવર્કનો આખરે પર્દાફાશ : લેપટોપ અને અન્ય ઉપયોગી ચીજો જપ્ત કરાઈ

અમદાવાદ,

શહેરના ગોમતીપુર વિસ્તારમાં કરિયાણાની એક દુકાનમાંથી પોલીસે બોગસ આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ સહિતના બોગસ દસ્તાવેજો બનાવવાનું કૌભાંડ ઝડપી પાડતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ સમગ્ર કૌભાંડમાં ખુદ મામલતદાર કચેરીના આધારકાર્ડ સેન્ટરમાં કામ કરતાં આરોપી યુવક સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી લેપટોપ, આઈરિશ-ફીંગરપ્રિન્ટ સ્કેનર, લેમીનેશન મશીન સહિતનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં એવી ચોંકાવનારી હકીકત સામે આવી હતી કે, આરોપીઓ માત્ર રૂ.૫૦૦થી લઈ હજાર-બે હજારમાં તમે માંગો એવા બોગસ આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ સહિતના બોગસ દસ્તાવેજો બનાવી આપતાં હતા. ગોમતીપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, રખિલાય ચાર રસ્તાથી પટેલ મીલ તરફ જવાના રોડ પર આવેલા વિજય પેટ્રોલ પંપની બાજુમાં આવેલી અનાજ કરિયાણાની દુકાનમાં બોગસ આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ સહિતના દસ્તાવેજો કોઈપણ અધિકૃત દસ્તાવેજો વિના બારોબાર બનાવી આપવામાં આવે છે, તેથી પોલીસે આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરવા માટે બે માણસોને તૈયાર કરી મોકલ્યા હતા અને તેમને રૂ.૧૦૦ અને રૂ.૫૦૦ના દરની સિરિયલ નંબરવાળી નોટો પણ આપી હતી. બાદમાં પોલીસના ઈશારે ગયેલા બંને માણસોએ દુકાનમાં જઈ કોઈપણ પુરાવા નહી હોઈ બોગસ આધારકાર્ડ બનાવી આપવાનું જણાવ્યું હતું, જેથી આરોપીઓ તે માટે પૈસા માંગતા પોલીસે આપેલી નોટો બંને માણસોએ તેઓને આપી દીધી હતી અને બહાર સાદા ડ્રેસમાં ગુપ્ત વોચમાં ઉભેલા પોલીસના જવાનોને ઈશારો કરી દીધો હતો. એ સાથે જ પોલીસના સ્ટાફે દુકાનમાં સીધો દરોડો પાડી દીધો હતો. પોલીસે ઘટનાસ્થળેથી બે લેપટોપ, ફિંગરપ્રિન્ટ સ્કેનર, બે થમ પ્લેટ, વેબ કેમેરા, આઈરિશ સ્કેનર, લેમીનેશન મશીન, વાઈફાઈ રાઉટર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આધારકાર્ડનું કામ કરી રહેલા વસીમ ઈબ્રાહીમભાઈ મનસૂરી(રહે.પીળી ચાલી, ગોમતીપુર), જિજ્ઞેશ દિલીપ માંગરોળિયા(રહે.રામકૃષ્ણ સોસાયટી, નિકોલ ગામ) અને કરિયાણાની દુકાન ચલાવતા ઈબ્રાહીમભાઈ મનસૂરીની ધરપકડ કરી લીધી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી જિજ્ઞેશ માંગરોળિયા મામલતદાર કચેરીના આધાર સેન્ટરમાં કામ કરે છે. સરકારે તેને કોન્ટ્રાકટ પર રાખ્યો છે. થોડા સમય પહેલા તે આરોપી વસીમના સંપર્કમાં આવ્યો હતો. વસીમ પણ પહેલા સરકારનો આધારકાર્ડનો કોન્ટ્રાકટ ધરાવતો હતો પરતુ બાદમાં તે બંધ થઈ જતાં તેણે જિજ્ઞેશ માંગરોળિયાને પૈસાની લાલચ આપી આધારકાર્ડ, ઈલેકશન કાર્ડનું કામ કરવા માટે ફસાવ્યો હતો. જિજ્ઞેશ પાસે મામલતદાર કચેરીના આધારકાર્ડ સેન્ટરમાં કામ કરતો હોવાથી તેના લોગઈન, પાસવર્ડ હોવાથી આરોપીઓનું ગાડુ ગબડી ગયુ હતું. જો કે, આરોપીઓના આ કૌભાંડનો આખરે પર્દાફાશ થયો હતો. પોલીસો આરોપીઓએ અત્યારસુધીમાં આવા કેટલા બોગસ આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ સહિતના દસ્તાવેજો તૈયાર કર્યા અને તેના મારફતે કેટલી રકમ લોકો પાસેથી ઉઘરાવી તે સહિતની બાબતોની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

### શેરડીના રસથી તપસ્વીઓ પારણા કરશે

# તીર્થનગરી પાલીતાણામાં અખાત્રીજે વર્ષીતપના તપસ્વીઓના પારણા થશે

## તા.૧૮-૦૪-૨૦૧૮ને બુધવારના રોજ પારણા ભવન ખાતે ૬૦૦ વર્ષીતપના તપસ્વીઓ શેરડીના રસથી પારણા કરશે

ચેલેન્જર, પાલીતાણા, વર્ષીતપના પારણા આગામી અખાત્રીજનાં દિવસે પાલીતાણા શત્રુંજય ગીરીરાજ ખાતે પારણા ભવનમાં કરાશે. આ વર્ષે વર્ષીતપના ૬૦૦ જેટલા તપસ્વીઓના નામ નોંધાઈ ચૂક્યા છે. હજુ પણ નામો લખાઈ રહ્યા છે. વર્ષીતપના પારણા માટે આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વીજીઓ ઉપસ્થિત રહેશે. ભાવનગર, અમદાવાદ, રાજકોટ, રાજસ્થાન, બેંગ્લોર, તમીલનાડુ, મુંબઈ, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં આરાધકો અને જૈન શ્રેષ્ઠીઓ, દાતાઓ અને ટ્રસ્ટીઓ હાજર રહેશે.

તીર્થનગરી પાલીતાણાના શત્રુંજય ખાતે તા.૧૮-૪-૨૦૧૮ને બુધવારે અખાત્રીજના દિવસે વર્ષીતપના તપસ્વીઓ શેરડીના રસથી પારણા કરશે. આણંદજી કલ્યાણજી પેઢીના જણાવ્યા અનુસાર ૬૦૦ જેટલા તપસ્વીઓના નામો નોંધાયા ચૂક્યા છે. આ વર્ષીતપના પારણા અખાત્રીજના દિવસે જય તળેટી પાસે આવેલા પારણા ભવનમાં શેરડીના રસથી કરવામાં આવશે. વર્ષીતપના તપસ્વીઓ ગીરીરાજની યાત્રા કરી પ્રથમ તીર્થંકર ભગવાનશ્રી ઋષભદેવને શેરડીના રસથી પ્રક્ષાલ કરશે. આ દિવસે તપસ્વીઓ સવારના ૫:૩૦ કલાકે ગીરીરાજની યાત્રાનો પ્રારંભ કરશે. અને ગિરિરાજ ઉપર સવારના સાત વાગે ભગવાનશ્રી ઋષભદેવને શેરડીના રસથી પ્રક્ષાલ કરશે. તપસ્વીઓને પ્રક્ષાલ કરવામાં અગ્રતા આપવામાં આવે છે. સવારના ૧૦ વાગે તપસ્વીઓ યાત્રા પુરી કરી પારણા ભવનમાં આવશે અને શેરડીના રસથી પારણા કરશે.

### પાલીતાણામાં બે સ્થળ ઉપર પારણા થશે

પાલીતાણા ખાતે આ વખતે અખાત્રીજના પારણા બે સ્થળે થશે. આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા પારણા ભુવન ખાતે જ્યારે ત્રિસ્તુતિક સંઘ દ્વારા સાંચોરી ધર્મશાળાની પાછળ સરવૈયાનગર પ્લોટ ખાતે વિશાળ ૮ ડોમ બનાવી અને આશરે ૭૦૦ તપસ્વીઓ માટે ૮X૧૦ના પ્રત્યેક તપસ્વી માટે રૂમની વ્યવસ્થા સાથે સુવિધાસભર અને આહલાદ વાતાવરણની વચ્ચે પાલીતાણામાં પ્રથમવાર પારણા થશે.

### જૈન કલ્ચરલ સેન્ટર - એન્ટવર્પ (બેલ્જીયમ) દ્વારા ઈક્ષુરસ પારણા ભવ્ય મહોત્સવ

પાલીતાણા : યાત્રાધામ પાલીતાણા ખાતે જૈન કલ્ચરલ જૈન કલ્ચરલ સેન્ટર - એન્ટવર્પ (બેલ્જીયમ) દ્વારા વર્ષીતપના તપસ્વીઓને ઈક્ષુરસથી તા.૧૮-૪-૧૮ના રોજ પારણા તેમજ ત્રિદિવસીય કાર્યક્રમ યોજાશે.તા.૧૬-૪ના રોજ ભવ્ય સ્નાત્ર મહોત્સવ, તા.૧૭-૪ના રોજ વર્ધમાન શક્રસ્તવ પૂજન, તપસ્વી સંઘ વરઘોડો (ભેરૂ વિહારથી જય તળેટી) સુધી, તા.૧૮-૪ના રોજ પારણા ભૂવન ખાતે પૂજ્ય ગુરુભગવંતોનું સામૈયું, તપસ્વીઓના પારણા તથા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની ભાવતિલક જેવા કાર્યક્રમ યોજાશે.

# ૨૫ એપ્રિલે ૬ દીક્ષા સાથે આચાર્ય ગુણરત્નસૂરિની ૪૦૦ દીક્ષાનો રેકોર્ડ



સુરત : ૧૭ એપ્રિલે ઉમરા જૈન મુમુક્ષુ ભવ્યના દીક્ષા સમારોહનો પ્રારંભ થશે. આ પ્રસંગે ત્રિદિવસીય કાર્યક્રમમાં ૧૯મીએ દીક્ષા સંપન્ન થશે.આ માટે ત્યારબાદ સુરતના અડાજણ વિસ્તારમાં રામ પાવનભૂમિ ખાતે ૨૫ એપ્રિલે છ દીક્ષાઓ સાથે આચાર્ય ગુણરત્નસૂરિ મહારાજની ૪૦૦ દીક્ષાનો રેકોર્ડ સર્જાશે. ૨૫ એપ્રિલે સુરત વધુ એક દીક્ષા મહોત્સવનું સાક્ષી બનવાનું છે. આ દીક્ષા મહોત્સવ વિશિષ્ટ એટલે છે કે સુરતમાં જૈન શાસસના ઈતિહાસમાં પ્રથમવાર એક જ આચાર્યની ૪૦૦ દીક્ષા સંપન્ન થઈ રહી છે. આ અંગે આચાર્ય રશ્મિરત્નસૂરિ મહારાજે કહ્યું કે અત્યાર સુધી ૩૭૨ દીક્ષા એક જ આચાર્યએ આપી હોવાનો ઉલ્લેખ છે. પરંતુ આચાર્ય ગુણરત્નસૂરિ ૩૭૨ દીક્ષાની આગળ તો ક્યારના નીકળી ગયા છે. હવે ૪૦૦ દીક્ષાનો રેકોર્ડ સર્જવા જઈ રહ્યા છે.

# આજથી ભાવનગરથી સુરત-અમદાવાદ વચ્ચે વિમાની સેવા



ચેલેન્જર,ભાવનગર, ભાવનગર નો જન્મદિવસ આગામી તા.૧૮ એપ્રિલ વૈશાખ સુદ-૩(ત્રીજ)અખાત્રીજે આવી રહ્યો છે ત્યારે હવાઈ ઉડ્ડયન ક્ષેત્રે ભાવનગર માટે એક સારા સમાચાર આવ્યા છે જેમાં એર ઓડીસા દ્વારા ભાવનગરથી સુરત અને અમદાવાદ વચ્ચે આજ તા.૧૬ એપ્રિલ સોમવાર થી સવારના સમયે હવાઈ સેવા શરુ થવાની છે.ભાવનગરના સાંસદ ડો.ભારતીબેન શિયાળે લોકસભામાં અને કેન્દ્રીય ઉડ્ડયન વિભાગ સમક્ષ ભાવનગરને સુરત અને અમદાવાદ જેવા શહેરો સાથે વિમાની માર્ગે જોડવા રજૂઆત કરી હતી જેને સફળતા મળી છે.

ભાવનગરથી સુરત વચ્ચે ફ્લાઈટ ભાવનગર થી ૦૮:૦૫ ઉપડશે અને અડધા કલાકના સમયગાળામાં સુરત ૦૮:૩૫ પહોચશે.જેનું ભાડું રૂપિયા ૨૦૦૦ રહેશે,તો સુરત થી ૦૮:૫૫ કલાકે ઉપડશે અને ભાવનગર ૯:૨૫ કલાકે પહોચશે,તેમાં પણ ભાડું રૂપિયા ૨૦૦૦ રહેશે.ભાવનગરથી અમદાવાદ સવારે ૭:૦૫ કલાકે ફ્લાઈટ અમદાવાદથી ભાવનગર આવવા ઉપડશે અને ૭:૪૫ કલાકે ભાવનગર પહોચશે.જયારે ભાવનગર થી અમદાવાદ જવાની ફ્લાઈટ ભાવનગર થી ૯:૪૫ કલાકે ઉપડશે અને ૧૦:૨૫ કલાકે અમદાવાદ પહોચશે.આ વિમાની સેવામાં ભાડું રૂપિયા ૧૭૨૦ કરવામાં આવ્યું છે.

# છ યાત્રાધામોને ૩૨૫ કરોડના ખર્ચે સીસીટીવીથી જોડી દેવાશે

અમદાવાદ, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, કોઈપણ રાજ્યના વિકાસના પાયામાં તેની સુરક્ષા અને સલામતી હોય છે, ગુજરાત રાજ્યની સુખ અને સમૃદ્ધિના મૂળમાં કાયદો અને વ્યવસ્થાના સખત અમલીકરણથી પ્રસ્થાપિત થયેલ શાંતિ અને સલામતી છે. રાજ્યના આર્થિક પાટનગર સૂરતમાં થયેલી ૨૦ કરોડના હીરાની લૂંટનો ભેદ માત્ર ૬૦ કલાકના રેકોર્ડ સમયમાં ઉકેલીને પોલીસની અદ્વિતીય શક્તિનો પરિચય આપનારી સૂરત પોલિસ ટીમનું મુખ્યમંત્રીએ સૂરત ડાયમંડ એસોસિએશનના ઉપક્રમે ગઈ કાલે સન્માન કર્યું હતું. વિજય રૂપાણીએ સુદ્રઢ કાયદો અને વ્યવસ્થાને કારણે રોજગારી અને વ્યવસાયીક રોકાણનું પ્રમાણ વધે છે તેમ ગુજરાત પોલીસની સજ્જતાને બિરદાવતા ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, સીસીટીવી કેમેરા જેવી આધુનિક ટેકનોલોજીની મદદથી ગુનેગારોની દબોચી લેવામાં સફળતા સાંપડી છે, ત્યારે રાજ્ય સરકાર રાજ્યના ૩૩ જિલ્લાઓ અને ૬ યાત્રાધામોને ૩૨૫ કરોડના ખર્ચે સીસીટીવી નેટવર્કથી સુસજ્જ કરશે. તાજેતરમાં સૂરતમાં ૨૦ કરોડના હિરાની લૂંટનો ભેદ ઉકેલનારા જાંબાઝ પોલિસકર્મીઓ-અધિકારીઓનું જાહેર અભિવાદન કરવાના ઉદ્દેશ્યથી આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જાંબાઝ પોલિસ જવાનોનો જુસ્સો વધારતા પ્રેરક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યની છાપ એક શાંતિપ્રિય રાજ્ય તરીકે પ્રખ્યાત છે.ગુજરાત પોલિસની ચાંપતી નજર, સક્રિયતા તથા આધુનિક ટેકનોલોજીના કારણે ગુના બન્યા પછી તે ઝડપથી ઉકેલાઈ જાય છે. અપરાધીઓને સાંખી ન લેવાના મિજાજથી ગુજરાત પોલિસનો ભારતભરમાં દબદબો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિથી ભારતની એકમાત્ર અને સર્વપ્રથમ રક્ષાશક્તિ યુનિવર્સિટી સાકાર થઈ છે. રાજ્યની શાંતિ, સુખાકારી અને સલામતીની જવાબદારી નિભાવતા પોલિસતંત્રમાં આ સરકારે મોટા પાયે ભરતી કરી છે. સાયબર ક્રાઈમમાં થઈ રહેલા ઉત્તરોત્તર વધારાને કારણે પોલિસતંત્રને ડિજીટલ બનાવવા પર સમગ્ર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પાછલા થોડા સમયમાં જુનાગઢ, કડી, સૂરત, અમદાવાદ વગેરે શહેરોમાં થયેલા ચોરી, લૂંટ, હત્યાના કેસોને ગણતરીના કલાકોમાં ઉખેલીને ગુજરાત પોલિસે ગુનેગારોમાં ધાક બેસાડી છે. પરિણામે ગુનેગારોમાં પોલિસનો ફફડાટ ફેલાયો છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ગર્વભેર કહ્યું કે, રાજ્ય સરકારની પ્રોત્સાહક અને હકારાત્મક નીતિઓના પરિણામે ગુનાખોરી ડામવામાં ગુજરાત રાજ્ય અને ગુજરાત પોલીસ હંમેશા અગ્રેસર રહ્યાં છે. રૂપાણીએ પોલિસના સન્માનના કિસ્સા જૂજ બનતા હોવાનું જણાવી પોલિસકર્મીઓના સન્માન અને પ્રોત્સાહનથી પોલિસનું મનોબળ મજબુત થવાની સાથે તેમને જુસ્સાભેર કાર્ય કરવાનું બળ મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ સ્વાસ્થ્ય, શિક્ષણ તથા સેવાકીય ક્ષેત્રે આગવું પ્રદાન કરતા સૂરત ડાયમંડ એસોસિએશન અને સૂરત પોલિસની સમગ્ર ટીમને અભિનંદન આપી ઉત્તમ કામગીરી બદલ બિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગત ૧૪ માર્ચના રોજ સૂરત કતારગામ વિસ્તારમાં પાંચ લૂંટરૂઓએ ગ્લોસ્ટાર ડાયમંડ કંપનીના કર્મચારી ઉપર હુમલો કરી અંદાજીત ૨૦ કરોડના હીરાની લૂંટ કરી હતી, જેનો સૂરતની બાહોશ પોલિસે ગણતરીના સમયમાં ભેદ ઉકેલી નાંખીને લૂંટમાં સંકળાયેલા તમામ આરોપીઓની ધરપકડ કરી હતી.

# રોહિશાળા ગામે હેલોજન ફુટતા ૬૦થી વધુને આંખમાં તકલીફ

## તમામને ૧૦૮ દ્વારા પાલીતાણાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ : હેલોજન ફોક્સ લાઈટ ફુટતા ટેમાંથી ફેલાયેલા પ્રવાહી-ધુમાડાથી બાળકો સહિત ૬૦થી વધુ લોકોને આંખોમાં બળતરા થતા સારવારમાં ખસેડાયા



પાલીતાણા,તા.૧૩ પાલીતાણા તાલુકાના રોહશિળા ગામે તા.૧૨-૪ના રોજ એક ધાર્મિક કાર્યક્રમમાં અંજવાળા માટે લગાવાયેલ હેલોઝન લાઈટની ટ્યુબ ફુટતા તેમાંથી ઉડેલા રેડીએશન(પ્રવાહી) અને ધુમાડાથી ૬૦થી વધુ બાળકો, સ્ત્રી અને પુરુષોને આંખમાં અસર થતા ખળભળાટ મચ્યો હતો. આ તમામને ૧૦૮ દ્વારા પાલીતાણાની સરકારી હોસ્પિટલમાં લાવી પ્રાથમિક સારવાર કરાઈ હતી. તબીબના જણાવ્યા પ્રમાણે આ કોઈ ગંભીર પ્રકારની ઈજા કે હાની જણાઈ નથી જો કે આ સાથે સંખ્યાબંધ લોકોને આંખમાં અસર થતા ભારે ભય સાથે દેકારો મચી ગયો હતો.

આ અંગેની સુત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ પાલીતાણા પાસેના રોહિશાળા ગામે તા.૧૨-૪ના રોજ રાત્રીના રામદેવપીરનું આખ્યાન રાખવામાં આવ્યું હતું. આખ્યાન જોવા માટે નાના બાળકોથી લઈ સ્ત્રી-પુરુષો સહિતના ભાવિક ગ્રામજનો એકઠા થયા હતા. દરમ્યાનમાં અંજનાળુ કરવા ઉપયોગમાં લેવાયેલ હેલોઝન લાઈટની ટ્યુબ એકાએક તુટતા તેમાંથી ઉડેલા પ્રવાહી અને ધુમાડાના કારણે હેલોઝનની આજુબાજુમાં બેઠેલા આખ્યાન જોવા આવેલા ભાવિકોની આંખોમાં બળતરા થવા લાગી હતી જે પૈકી ત્રણને રાત્રે જ પાલીતાણાના સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા અને સારવાર અપાઈ હતી. પ્રાથમિક સારવાર બાદ તેઓની સ્થિતિમાં સુધારો જણાયો હો. દરમ્યાન તા.૧૩-૪ના રોજ સવારે ૬૦થી વધુ અન્ય ગ્રામજનો જેમા બાળકો અને સ્ત્રી-પુરુષોનો સમાવેશ થાય છે. તે તમામને પણ આંખોમાં બળતરા અને મીઠી ખંજવાળ તથા આંખોમાં ઓછુ દેખાવવું વિગેરે સમસ્યાઓ જણાઈ હતી આથી ગારીયાધાર, પાલીતાણા, રંઘોળા અને સિહોરથી સાથે ચાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને દોડાવાઈ હતી અને ૧૦૮ દ્વારા તમામ અસરગ્રસ્તોને પાલીતાણાની સરકારી હોસ્પિટલમાં ખસેડી પ્રાથમિક સારવાર અપાઈ હતી. અને તે પૈકી ૧૪ જેટલા અસરગ્રસ્તોને વધુ અસર જણાતા આંખોનું લેબોરેટરી ચેકઅપ કરીને સારવાર અપાઈ હતી.

# તળાજાના કુંઢડા ગામનો વનરક્ષક છોટા ઉદેપુરમાં લાંત લેતા ઝડપાયો

ભાવનગર : તળાજાના કુંઢડા ગામે રહેતા અને છોટા ઉદેપુર, જેસીંગપુરા ફોરેસ્ટ બીટમાં ફરજ બજાવતા વનરક્ષકને રૂા.૪૦૦ની લાંચ લો ગોધરા એસીબ ટીમે રંગેહા ઝડપી લીધા હતા. પ્રાપ્ત વિગદ મુજબ તળાજાના કુંઢડા ગામે રહો ચિરાગભાઈ મહાસુખભાઈ પંડ્યા (ઉ.વ.૨૧) જેઓ હાલ છોટા ઉદેપુર તા.બોડેલી ખાતે જેસીંગપુરા ફોરેસ્ટ બીટ તરગોળ ખાતે વનરક્ષક વર્ગ ૩ તરીકે ફરજ બજાવતા હતા. ગત તા.૧૦ના રોજ જંગલ વિસ્તારમાં એક મહિલા બળતણ માટેના લાકડા કાપવા જતી હતી તેની કુહાડી વનરક્ષક ચિરાગભાઈ પંડ્યાએ લઈ લીધી અને કુહાડી જોઈતી હોય તો રૂા.૫૦૦ની લાંચ માંગણી કરી હતી. આ અંગેની ફરિયાદ મહિલાના પતિએ ગોધરા એસીબીને કરતા એસીબી ટીમે છટકુ ગોઠવી આરોપી ચિરાગ પંડ્યાએ રૂા.૪૦૦ની લાંચ લેતા રંગેહાથ તેના ફોરેસ્ટ સરકારી ક્વાર્ટરમાંથી ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# ચોથી આરટીઆઈનો નિયમ મુજબ ઉત્તર આપવામાં યુનિ.નો ઉલાળીયો

ભાવનગર, ભાવનગર યુનિ.ના ડેપ્યુટી રજિસ્ટ્રાર ભરતી મામલે ચોથી આરટીઆઈનો નિયમ મુજબ ઉત્તર આપવામાં યુનિ.ને ઉલાળીયો કર્યો છે. આ અંગે પિડિત અરજદાર ઓ.એસ. ત્રિવેદીના જણાવ્યા અનુસાર યુનિ.ના ડેપ્યુટી રજિસ્ટ્રાર સહિની જગ્યાના ભરતી વિવાદ મામલે ચોથી આરટીઆઈના સમયસર અને કાયદાકીય જોગવાઈ મુજબ જવાબ નહી અપાતા યુનિ.ના જાહેર માહિતી અધિકાર સામે અપીલ દાખલ કરાઈ છે. આરટીઆઈ એક્ટની કલમ૭(૧)ના ભંગ બદલ યુનિ.જાહેર માહિતી અધિકારી અને કુલસચિવ ઉપર કાયદાની જોગવાઈ અનુસાર કડક કાર્યવાહી કરવા અને માંગેલી માહિતી તાકિદે નિયમાનુસાર આપવા માટે યુનિ.ની અપીલેટ ઓથોરિટી સમક્ષ ચોથી અપીલ દાખલ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, ડેપ્યુટી રજિસ્ટ્રાર ભરતી મુદત આજ સુધીમાં કુલ ૪ આરટીઆઈ સહિત ૫ અપીલ દાખલ કરવામાં આવી હતી.

બે અપીલના ઓર્ડર અને બાકીની પાંચ અપીલની સુનાવણી પેન્ડીંગ રખાઈ છે. એકપણ આરટીઆઈનો યોગ્ય નિયમાનુસાર જવાબ સત્તાધીશો નહી આપ્યા હોવાનો બળાપો અરજદાર દ્વારા ઠલવાઈ રહ્યો છે. શું દરેક જબાવ આપવામાં આવે તો વિવાદ ખુલ્લો પડી જવાની શંકા યુનિ.ને હોવાનું લાગી રહ્યું છે.

### જીતુભાઈ પ્રેરિત સમિતિ દ્વારા આયોજન

# તા.૧૫થી ભાવેણાના જન્મદિનની ચાર દિવસીય ઉજવણીનો પ્રારંભ

ભાવનગર, પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી પ્રેરિત ભાવનગર જન્મોત્સવ સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાવનગરના જન્મ દિવસની તા.૧૫થી ૧૮ એપ્રિલ દરમિયાન ગંગાજળિયા કાર્નિવલ તરીકે ઓળખાશે. કૈલાશ વાટિકામાં ઉજવણી કરાશે. ચાર દિવસ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગારંગ ઉજવણી કરવામાં આવશે. ભવ્ય રોશની, લેઝર લાઈટીંગ, વિશાલ સ્ક્રિન અને આતશબાજી જેવા કાર્યક્રમ યોજવામાં આવશે.

ચાર દિવસીય ઉજવણીનો પ્રારંભ ગઈકાલ તા.૧૫એપ્રિલને રવિવારથી થઈ ગયો. આજે તા.૧૬ને સોમવારે સાંજે ૭ કલાકે કૈલાશ વાટિકામાં વિશાળ સ્ટેજ પર ગીત, સંગીત અને વેસ્ટર્ના ડાન્સનો કાર્યક્રમ યોજાશે. ભાવેણા સ્વરોત્સવનો આ કાર્યક્રમ કલાગુરુ મહંમદભાઈ દેખૈયાને અર્પણ કરાયો છે. આ ઉજવણીમાં નૃત્યોત્સવ ૨૦૧૮ પણ યોજાશે. કલાગુરુ ધરમશીભાઈ શાહનો આ કાર્યક્રમ સમર્પિત કરાયો છે.

અખાત્રીજના દિવસે રાત્રે જાણીતા લોક ગાયક કલાકાર કિર્તિદાન ગઢવી અને તેના સાથીદારો ભાવેણાવાસીઓને ડાયરાનો જલસો કરાવશે. આ ઉપરાંત ભાવનગરનું નામ રોશન કરનાર વિવિધ ક્ષેત્રોની પ્રતિભાઓનું સન્માન ભાણેવાના જન્મદિવસ નિમિત્તે કેક કટિંગ, કેન્ડલ લાઈટિંગ અને અન્ય કાર્યક્રમો પણ યોજાશે.

# ટેન્કર અને ટોરસ વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં ચાલકનું મોત

ભાવનગર,તા.૧૩ તળાજા મહુવા હાઈવે પર તળાજાથી ૧૦ કિમી દૂર આવેલ પસવી ગામના વળાંકમાં છે. તા.૧૩ના સવારે સિમેન્ટ ભરેલ ટેન્કર અને ટોરસ ટ્રક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં ટોરસ ટ્રકના ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. અકસ્માતની ઘટના બાદ હાઈવે પણ બંને બાજુ જામ થઈ ગયો હતો. ટેન્કરચાલકને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.તા.૧૩ના સવારે અમદાવાદ તરફ જઈ રહેલ સિમેન્ટ ટેન્કર નં.જી.જે.૧૪ એક્સ ૧૩૮૩ અને અમદાવાદથી રાખ ભરીને કોડીનાર જઈ રહેલ હેવી ટ્રક નં.જી.જે.૧૮ એ.યુ.૮૫૧૯ છે પસવી ગામના વળાંક પાસે જોરદાર અકસ્માત સર્જાતા બંને વાહનોના આગળના ભાગનો ભૂકો થઈ ગયો હતો. આ ઘટનામાં ટ્રકચાલક સલીમ જુમાઈખાન(રહે.હરીપુર,યુ.પી.)નું મોત થયું હતું. અકસ્માત બાદ બંને સાઈડ રોડ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હી. અને ટ્રાફિક જામ થઈ ગયો હતો.દાઠા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ મૃત્યુ પામેલ સલીમખાનના મૃતદેહનો તળાજા સરકારી હોસ્પિટલે પીએમ માટે મોકલી આપેલ તેમજ બંને સાઈડનો ટ્રાફિક ખુલ્લો કર્યો હતો. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી બનાવની વધુ તપાસ હાથ ધરી હતી.

# ચેલેન્જર

**મુંબઈ આવૃત્તિ**

તા.૧૬-૦૪-૨૦૧૮, સોમવાર

**મુંબઈ બ્યુરો ઓફિસ**

બ્યુરો ચીફ : જુગલ એન. જોષી, 8766421545

૨૦૪, બીજો માળ,પંચજન્ય કો.ઓ.સોસાયટી, વાઘલે સ્ટેટ,થાણા(વેસ્ટ) - ૪૦૦૬૦૪


## પવઈ તળાવનો ઉત્તર ભાગ સૌથી વધુ દૂષિત હોવાનું તારણ

મુંબઈ : પર્યાવરણવાદીઓ એકતરફ પવઈ તળાવને ગટરો દૂષિત કરી રહી હોવાનું જણાવી રહ્યાં છે ત્યારે તેઓ હવે એવું ઈચ્છી રહ્યાં છે કે આ સંદર્ભે પાલિકાએ ઊંડાણપૂર્વકનો અભ્યાસ હાથ ધરવો જોઈએ કારણ પવઈ તળાવના અન્ય ભાગ કરતાં ઉત્તરભાગમાં પ્રદૂષણનું પ્રમાણવધુ જોવા મળી રહ્યું છે.તળાવના પાંચ વિવિધ ભાગોમાં વૈજ્ઞાાનિક પદ્ધતિએ પાણીની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવતાં જણાયું હતું કે તળાવના ઉત્તર ભાગમાં પાણીને શુદ્ધ રાખતાં તત્ત્વો ઓછા હોઈ આ ભાગમાં પ્રદૂષણ વધુ જોવા મળે છે. જોકે આ જ વિસ્તારમાં લક્ઝરી હૉટેલ, નવી આઈઆઈટી હૉસ્ટેલ, તાનસા પાઈપલાઈન અને અન્ય અનેક શિકાર માટેના સ્થળો પણ છે. અભ્યાસમાં જણાયું હતું કે, તળાવના ઉત્તર ભાગમાં સીએડી (કેમિકલ ઓક્સિજન ડિમાન્ડ) અને બીઓડી (બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ) સૌથી વધુ હતું.

## મહારાષ્ટ્રમાં ખેડૂતોને વીજળી બિલમાં રાહત આપવા સરકારની વિચારણા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ખેડૂતોની અવદસાનો મુદ્દો છેલ્લા કેટલાક વર્ષોથી ગાજી રહ્યો છે. ખેડૂતો માટે દેવામાફી યોજના જાહેર કર્યા પછી હવે રાજ્ય સરકાર વીજળી બિલ માફ કરવા વિચારણા કરી રહી હોવાનું જાણવા મળ્યું છે. જેમના વીજળી બિલ બાકી હો. તેવા ગ્રાહકોનો વીજપુરવઠો કાપવામાં ન આવે તેવા નિર્દેશ અધિકારીઓને આપવામાં આવી રહ્યા છે. જોકે આ રાહત કેટલીક શરતોને આધીન હોવાનું કહેવાય રહ્યું છે. વીજ બિલમાં માફી આંદોલનકારી ખેડૂતોના એક મુખ્ય મુદ્દો હતો. માર્ચ મહિનામાં નાશિકથી 'લોંગમાર્ચ' કરી મુંબઈ પહોંચેલા આદિવાસી ખેડૂતોએ પણ આ જ માગ કરી હતી. ભૂતકાળમાં પણ રાજ્યસરકારો દ્વારા વીજ બિલ માફી આપવામાં આવી હતી. ભાજપ-શિવસેના જ્યારે સત્તામાં હતી ત્યારે દિવંગત ગોપીનાથ મુંડેએ પણ આ પ્રકારની યોજના અમલમાં મૂકી હતી. એનસીપીના નેતા અજિત પવારે પણ આ પ્રકારની સ્કીમ અમલમાં મૂકી હતી.

આદિવાસી ખેડૂતોની 'લોંગ માર્ચ' પછી મુખ્ય પ્રધાન ફડણવીસે વિધાનસભામાં કહ્યું હતું કે અમે ખેડૂતોને વીજબિલમાં રાહત આપીશું.'

ખેડૂતોને લગભગ ૨૦૦૦ કરોડ રૃપિયાની દેવા માફી આપ્યા પછી ખેડૂતોના વીજબિલની આંશિક માફી પર સરકારન ૨૧૦૦૦ કરોડ રૃપિયાથી વધુનો બોજ પડી શકે છે. જેમાં ૧૨૦૦ કરોડ રૃપિયા બાકી મૂળ રકમ અને ૯૦૦૦ કરોડ રૃપિયા વ્યાજ હોવાનું જાણવા મળ્યું છે.








દાદરમાં ઈન્દુમિલની જગ્યા પર પ્રસ્તાવી ડો.બાબાસાહેબ આંબેડકરનું સ્મારક ૧૪ એપ્રિલ ૨૦૨૦માં તૈયાત થઈ જશે. તેમ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. (જુગલ જોષી)






## અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું ભાડું રૂપિયા ૨૫૦થી ૩૦૦૦ની વચ્ચે હોવાની શક્યતા

મુંબઇ : મુંબઇ અને અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનના મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન પર આધારીત રૃપિયા ૨૫૦થી ૩૦૦૦ સુધી ભાડું ચૂકવવું પડશે, એમ એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું. સરકારના અતિ મહત્તવકાંશી યોજનાના સભવિત ભાડાંના સંકેત આપતાં નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિ.ના મેનેજીંગ ડાયરેકટર અચલ ખરેએ પત્રકારોને કહ્યું હતું કે આ ભાડાં હાલની ગણતરી અને પ્રોજેકશન પર આધારીત છે.અમદવાદ-મુંબઇ વચ્ચેનું ભાડું રૃપિયા ૩૦૦૦ અને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ તેમજ થાણે માટે રૃપિયા ૨૫૦ હશે. દરમિયાન ૬૩મી રેલવે કોન્ફરન્સમાં ભાગ લેવા ગયેલા રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લાહોણીએ પટણામાં કહ્યું હતું કે અમદાવાદ-મુંબઇ વચ્ચેની સુચીત બુલેટ ટ્રેન વર્ષ ૨૦૨૩ સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત થઇ જશે. જો કે હાઇસ્પીડનો કેટલોક ભાગ આશરે ૫૦૦ કિમીનો રૃટ તો વર્ષ ૨૦૨૨ સુધીમાં ચાલુ થઇ જશે.'અમે અમારી યોજના મુજબ આગળ વધી રહ્યા છીએ. કેટલોક ભાગ વર્ષ ૨૦૨૨ સુધીમાં કાર્યરત થઇ જશે'એમ તેમણે કહ્યું હતું.ખરેએ કહ્યું હતું કે ' ભાડાં હાલના પ્રોજેકશન અને ગણતરી પર આધારીત છે. ટ્રેનમાં એક બિઝનેસ કલાસ હશે અને તેના ભાવ રૃપિયા ૩૦૦૦ કરતાં પણ વધુ હોઇ શકે છે. આ મુસાફરી ખૂબ વ્યાજબી અને ઓછો સમય લેનારી હશે,જો એરપોર્ટ સુધી જવાનો, બોડ'ગ પાસ લેવાનો અને સુરક્ષા ચેકના સમયને ધ્યાનામાં લેવામાં આવે તો ટ્રેનની મુસાફરી ફલાઇટના સમય કરતાં પણ ઓછો સમય લેશે'એમ તેમણે કહ્યું હતું.એક અન્ય અધિકારીએ કહ્યું હતું કે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ અને થાણે વચ્ચે મુસાફરી માટે ટેકસી આશરેદોઢ કલાકનોસમય લેછેઅને રૃપિયા ૬૫૦ ચાર્જ વસુલે છે.પરંતુ હાઇસ્પીડ ટ્રેન આવતાં મુસાફરીનો સમય માત્ર પંદર મિનિટ થઇ જશે અને ભાડું હશે માત્ર રૃપિયા ૨૫૦. તેમણે ઉમેર્યું હતું કે આ ભાડું એ.સી. ફર્સ્ટ કલાસના ભાડાં કરતાં ૧.૫ ગણા વધુ હશે.

## એમબીબીએસ-બીડીએસ એડમિશનો : ૨૦૧૬-૧૭નો ડોમિસાઈલ સર્ટિફિકેટનો નિયમ ફરી અમલમાં

મુંબઈ : મહારાષ્ટ્ર માં એમબીબીએસ અને બીડીએસ કોર્સીસની ૮૫ ટકા સીટો મહારાષ્ટ્રમાંથી દસમાં તથા બારમાં ધોરણની પરીક્ષા પાસ કરનારા અથવા મહારાષ્ટ્રમાંથી ફક્ત બારનું ધોરણ પાસ કર્યું હોય પરંતુ માન્ય ડોમિસાઈલ (રાજ્યમાં ૧૫ વર્ષથી રહેતા હોવાનો પુરાવો) સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવારોને ફાળવવામાં આવશે. મેડિકલનો અભ્યાસ કરવા માગતા ઉમેદવારો માટે આ પગલું રાહતરૃપ છે.

એમબીબીએસ તથા બીડીએસના કોર્સીસના ૨૦૧૮-૧૯માં એડમીશન માટે આ ત્રણ આવશ્યકતાઓ ફરજીયાત કરવાના રાજ્યના ડિરેકટોરેટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (ડીએમઈઆર)ના નિર્ણયને સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં નામંજૂર કર્યો હતો. એનો અર્થ એ કે આ બેમાંથી કોઇ એક પાત્રતા ધરાવતો વિદ્યાર્થી એડમિશન મેળવવાને યોગ્ય ગણાશે.મોટા ભાગનાં રાજ્યોમાં ક્વોટા હેઠળની સીટો માટે આકરા નિયમો છે અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓની તુલનાએ મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓને વધુ લાભ મળે તે અમે નિશ્ચિત કરવા માગતા હતા. પરંતુ સર્વોચ્ચ અદાલતે અમારા નિર્ણયને નામંજૂર કર્યો છે એમ ડીએમઈઆરના ડિરેકટર ડૉ. પ્રવીણ શિંગારેએ જણાવ્યું હતું.અલબત્ત, તમામ સીટો પર નેશનલ એલિજિબિલિટિ કમ એન્ટ્રેન્સ ટેસ્ટ (નીટ)નાં પરિણામોને આધારે એડમિશન આપવામાં આવશે. આ પરીક્ષા સમગ્ર દેશમાં છઠ્ઠી મેએ લેવાશે. મહારાષ્ટ્રની મેડિકલ તથા ડેન્ટલ કોલેજોની લગભગ ૨,૮૦૦ સીટો છે.

૨૦૧૬-૧૭ સુધી મહારાષ્ટ્રમાંથી દસમું તથા બારમું ધોરણ પાસ કરનારા અથવા બારમું ધોરણ રાજ્યમાંથી પાસ કર્યું હોય પણ માન્ય ડોમિસાઇ સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવારો રાજ્યની મેડિકલની ૮૫ ટકા સીટોને માટે પાત્ર ગણાતા હતા.પરંતુ ગયા વર્ષે, ડીએમઈઆરએ રાજ્યમાંથી ધોરણ દસ અને બાર પાસ કર્યાની તથા રાજ્યના ડોમિસાઈલની એમ ત્રણેય આવશ્યકતાઓ ફરજીયાત કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ આથી મહારાષ્ટ્ર બહારથી દસમું ધોરણ પાસ કરનારા અને મહારાષ્ટ્રમાં મેડિકલનો અભ્યાસ કરવા ઈચ્છતા અનેક વિદ્યાર્થીઓ નાસીપાસ થયા હતા.

### લોકલ ટ્રેનમાં મોબાઈલ ચોરનારી ગેંગના બે લોકોની ધરપકડ

(જુગલ જોષી)મુંબઈ : પોલીસે મોબાઈલ ચોરીના કેસમાં બે લોકોની ધરપકડ કલ્યાણ રેલ્વે સ્ટેશનથી કરી હતી. આ બંને આરોપીઓ પાસેથી પોલીસે અલગ અલગ બ્રાન્ડના ૨૦થી વધુ મોબાઈલ જપ્ત કર્યા છે.

કલ્યાણ રેલ્વે પોલીસ પાસે આ સમય દરમ્યાન ૧૦થી વધુ ચોરીના કેશ નોંધાયા હતા. જુડશ્યલ કસ્ટીડ આપવામાં આવી છે. લાબા અંતરની ટ્રેનોમાં પ્રવાસ કરનાર પ્રવાસીઓના મોબાઈલ તેમજ સેન્ટ્રલ રેલ્વેમાં પ્રવાસ કરનાર પ્રવાસીઓના મોબાઈલની ચોરી આ ગેંગ કરતી હતી.

## સગી દીકરીઓનું શારીરિક શોષણ કરનાર પિતાની ધરપકડ

(જુગલ જોષી) મુંબઈ : ડિઝાઈનર તરીકે કામ કરતા પિતા પોતાની બે દીકરીઓનું શારીરિક શોષણ કર્યું હતું. બે વર્ષથી આ નરાધામ બાપ પોતાની ૧૩ અને ૧૭ વર્ષની બે દકીરોનો પર શારીરિક અત્યાચાર કરતો હતો. દીકરીઓએ આખરે હિંમત કરીને પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તેમના બાપની ધરપકડ કરી હતી.

આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા ૨૦ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી આપવામાં આવી હતી. ૧૭ વર્ષની છોકરી ૧૧માં ધોરણમાં ભણે છે અને પરિવાર સાથે રહે છે. બાપનો અત્યાચાર અસહ્ય બનતા તેણે વિરોધ કર્યો એટલે આરોપી બાપે તેણે ભણવા માટેના રૂપિયા આપવાનો ઈન્કાર કર્યો અને ઘરની બહાર જવાની ઘટનાની જાણ કરી. માતાએ પતિ પાસે આ બાબતે જવાબ માંગતા તેણે પુત્રીઓની મારપીટ કરી હતી.ત્યારબાદ બંનેએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## પરીક્ષા મે મહિનામાં ઠેલાતાં વિદ્યાર્થી તથા વાલીઓ નારાજ

મુંબઈ : મુંબઈ યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએશન તેમજ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓ છેલ્લાં ઘણા સમયથી તેમના સમયપત્રકની રાહ જોઈ રહ્યાં છે. જોકે યુનિવર્સિટીએ તેમની પરીક્ષાનું સમયપત્રક તાજેતરમાં જાહેર કર્યું હતું. પરંતુ તે સમયપત્રક જોયાં બાદ અનેક વિદ્યાર્થીઓમાં નારાજગીનું વાતાવરણ ફેલાઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે.

દરવર્ષે એપ્રિલ મહિનાના અંતિમ સપ્તાહે અથવા મે મહિનાના પ્રથમ સપ્તાહ સુધીમાં પોસ્ટગ્રેજ્યુએશનના વિદ્યાર્થીની પરીક્ષાઓ લેવાઈ જતી હોય છે. તે જ રીતે આ વખતે પણ પહેલાં તારીખોનો અંદાજો યુનિવર્સિટી દ્વારા આપી દેવાયો હતો. જેમાં મે મહિનાના પ્રથમ સપ્તાહમાં પરીક્ષાઓ શરુ થશે તેવું જણાવાયું હતું. પરંતુ અમુક કારણોસર તાજેતરમાં ૩૦ પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર કરાયો હતો. જેમાં એમએ સહિત અનેક કોર્સના સમયપત્રો સમાવિષ્ટ હતાં. આ સમયપત્રકમાં ફેરફાર કરાયા બાદ તાજેતરમાં યુનિવર્સિટી દ્વારા નવા સમયપત્રકની જાહેરાત કરાઈ હતી. જેમાં મે મહિનાના મધ્યગાળાથી માંડી અમુક પરીક્ષા મે મહિનાના અંતમાં તો અમુક જૂન મહિનાના પ્રથમ સપ્તાહ સુધી લંબાવાઈ છે. જેને કારણે વિદ્યાર્થી તેમજ વાલીઓમાં નારાજગી સાથે રોષની લાગણી ફરી વળી છે.

આ સંદર્ભે એક વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં જાણવા મળ્યું હતું કે, યુનિવર્સિટી દ્વારા પૂર્વે વહેલી તારીખ જાહેર કરવામાં આવી હતી આથી અનેક લોકોએ તેમના અનેક કાર્યક્રમો તેમજ પિકનીકની મે મહિનાના વચગાળાથી અંતિમ સમય દરમ્યાન ગોઠવણી કરી હતી. ઉપરાંત અનેક અનેક વિદ્યાર્થીઓ કે જેમના પરિવારમાં મે મહિનામાં કોઈ પ્રસંગો ઉજવવાના હતાં ત્યાં જવાનું પણ ટાળ્યું છે. પરંતુ હવે આવા ટાઈમટેબલને કારણે તેમના કાર્યક્રમો બખેડાઈ ગયા હોઈ તેમને પૂરતું વેકેશન માણવા મળશે નહીં એ બાબતનો રંજ પણ તેઓ સેવી રહ્યાં છે.

જોકે ખાસ કરીને એમએના વિદ્યાર્થીઆની મે મહિનાના બળબળતા તાપમાં બપોરે ત્રણ થી પાંચ દરમ્યાન પરીક્ષા આયોજવામાં આવી હોઈ તેમણે અસહ્ય તાપમાં પોતાના પરીક્ષાકેન્દ્રે પહોંચવું પડશે. જેની તેમના સ્વાસ્થ્ય પર પણ અસર પડી શકે તેમ છે, એવું એક વાલીએ જણાવ્યું હચું.

### પ્રથમ સત્રાંતના પરિણામો જાહેર કરાયા નથી અને બીજી સત્રાંત આવીને ઊભી હોવાની ફરિયાદ

માસ્ટર ઓફ આર્ટ્સ (એન્ટરટેઈનમેન્ટ, મીડિયા એન્ડ એડવર્ટાઈઝીંગ)ની પરીક્ષા આપનારા આશરે ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ એવું જણાવ્યું હતું કે, આગામી ૧૬ એપ્રિલ અર્થાત્ સોમવારથી તેમની પરીક્ષા રાખવામાં આવી છે. પરંતુ તેમને હજી સુધી ગત સેમેસ્ટરના પરિણામ જણાવવામાં આવ્યા નથી. યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે તેમની પરીક્ષા મે મહિનામાં જશે પરંતુ એવું ન થતાં આ કોર્સના વિદ્યાર્થીઓને હોલ ટિકીટ અને પરીક્ષા કેન્દ્રની માહિતી યુનિવર્સિટી આપી દીધી છે. આથી તેમની પાસે હવે પરીક્ષા આપ્યા વિના કોઈ છૂટકો ન હોવાની ફરિયાદ વિદ્યાર્થીઓ દ્વારા મળી રહી છે.


Printed Published & owned by GOHIL PRATAPBHAI KESHUBHAI, Published at 53 Suvidha Shopping Center, Bhairavpara, Paleces Road, Palitana - 364270.
And Printed at Patel Offset, 115, Royal Complex, Hazur Payga Road, Bhavnagar Editor - GOHIL PRATAPBHAI